ગાંધીનગર સમાચાર



# આજથી બજેટ સત્ર

## આઠમીએ રેલવે, ૧૦મીએ સામાન્ય બજેટ

### સંસદનું બજેટ સત્ર ખુબ જ તોફાની બને તેવી સંભાવના : નરેન્દ્ર મોદી સરકારની સંસદના બજેટ સત્રમાં કસોટી : ભાવ વધારા, રેલવે યાત્રી ભાડામાં વધારો, ઈરાકમાં ભારતીયોની સ્થિતિના મુદ્દાઓ છવાઈ જશે

નવીદિલ્હી, તા.૬

સંસદનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ બજેટ સત્ર ખુબ જ તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વિરોધ પક્ષો ભાવ વધારાને લઈને સરકારને મુશ્કેલીમાં મુકવા માટે કમરકસી ચુક્યા છે જ્યારે બીજી બાજુ સરકાર પણ પોતાની વ્યૂહરચના તૈયાર કરી ચુકી છે. બજેટ સત્ર ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે નરેન્દ્ર મોદી સરકાર બજેટ સત્ર દરમિયાન જ રેલવે બજેટ અને સામાન્ય બજેટ રજૂ કરનાર છે. જેને લઈને તમામ લોકોની નજર રહેશે. બજેટ સત્ર દરમિયાન ભાવ વધારા ઉપરાંત અન્ય મુદ્દાઓને લઈને પણ વિરોધ પક્ષો ભારે ધાંધલ ધમાલ મચાવે તેવી શક્યતા છે. સત્ર દરમિયાન ઈરાકમાં ઉભી થયેલી કટોકટી, તમિળનાડુના માછીમારોની દુર્દશા, રેલવે યાત્રી ભાડામાં વધારો, જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો, આંતરિક સુરક્ષા સહિતના મુદ્દાઓ છવાયેલા રહે તેવી શક્યતા છે. નાણા મંત્રી અરુણ જેટલી ૧૦મીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે જ્યારે રેલવે પ્રધાન સદાનંદ ગૌડા આઠમી જુલાઈના દિવસે રેલવે બજેટ રજૂ કરનાર છે. બજેટ સત્રને શાંતિપૂર્ણરીતે પાર પાડવા સરકાર દ્વારા વ્યૂહરચના તૈયાર થઈ ચુકી છે. લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન દ્વારા સર્વપક્ષીય મિટિંગ બોલાવવામાં આવી હતી જેમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ લંચ બાદની બેઠક બાદ કહ્યું હતું કે, ઈરાકમાં ભારતીયોની સ્થિતિ અંગે સંસદના બંને ગૃહોમાં સરકાર નિવેદન કરશે. નાયડુએ કહ્યું હતું કે, સામાન્ય બજેટ, રેલવે બજેટ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રીય મહત્વના તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવશે. નાયડુના કહેવા મુજબ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ ઈરાકમાં ભારતીયોની સ્થિતિ અંગે નિવેદન કરશે. બજેટ સત્ર એક મહિના સુધી ચાલનાર છે જેની પૂર્ણાહૂતિ ૧૪મી ઓગસ્ટના દિવસે થશે. આ સેશનમાં કુલ ૨૮ બેઠકો હશે અને ૧૬૮ કામના કલાકો રહેશે. જુદા જુદા મંત્રાલયો માટેની ગ્રાન્ટની માંગ કમિટિના બદલે સંસદમાં ચર્ચા બાદ ૩૧મી જુલાઈ સુધી પસાર કરી દેવામાં આવશે. વિરોધ પક્ષોને સહકાર આપવાની નાયડુએ અપીલ કરી હતી.

સરકાર આ સત્ર દરમિયાન ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા વટહુકમ, પોલાવરમ પ્રોજેક્ટના સંદર્ભમાં વટહુકમના બદલે બિલ લાવવાની યોજના ધરાવે છે. ટ્રાય સુધારા વટહુકમને ૨૮મી મેના દિવસે મંજુરી આપવામાં આવી હતી જેથી સરકાર વડાપ્રધાનના મુખ્ય સચિવ તરીકે ન્રિપેન્દ્ર મિશ્રાની નિમણૂંક કરી શકશે. ૭મી જુલાઈથી સત્ર શરૂ થયા બાદ ૧૪મી ઓગસ્ટ સુધી સત્ર ચાલશે. બુધવારના દિવસે આર્થિક સર્વે રજૂ કરવામાં આવશે. સમગ્ર સત્ર મોદી સરકાર માટે કસોટી સમાન રહેશે.

# રેલવે બજેટ : ટ્રેન માટે એક્સરે સિસ્ટમની ખાસ દરખાસ્ત હશે

### ટ્રેનમાં ખરાબ થયેલા પાર્ટ અંગે માહિતી મળશે : રેલવે પ્રધાન સદાનંદ ગૌડા આઠમી જુલાઈના દિવસે રેલવે બજેટ રજૂ કરવા માટે ઉત્સુક છે : અનેક નવા પગલા હશે

નવી દિલ્હી,તા. ૬

રેલવે પ્રધાન સદાનંદ ગૌડા આઠમી જુલાઇના દિવસે રેલવે બજેટ રજૂ કરનાર છે. રેલવે બજેટમાં યાત્રીઓની સુવિધા વધારવા સાથે સંબંધિત શ્રેણીબદ્ધ નવી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે મંત્રાલય આગામી રેલવે બજેટમાં યાત્રીઓની સુરક્ષા વધારવાના પગલા હેતુ રેલવે ટ્રેકની સાથે સાથે આ વખતે એક્સરે સિસ્ટમ સ્થાપિત કરવાની દરખાસ્ત રજૂ કરે તેવી શક્યતા છે. આ નવી સિસ્ટમ મારફતે ટ્રેનમાં ખરાબ થયેલા અને બગડી ગયેલા પાર્ટ અંગે માહિતી મળી શકશે. લાંબા સમયથી પેન્ડિગ રહેલા આરપીએફ જવાનો માટે એક નવી ટ્રેનિંગ એકેડમીની દરખાસ્તને પણ રેલવે બજેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર પ્રથમ રેલવે બજેટ રજૂ કરવા જઈ રહી છે. રેલવેના સુત્રોના કહ્યું છે કે ટ્રેકસાઈડ એક્સરે સિસ્ટમ કેટલાક સ્થળો પર ટ્રેકની સાથે સ્થાપિત કરાશે. આનાથી એન્જિન, કોચ અને ડબ્બામાં પાર્ટમાં રહેલી ખરાબીને જાણી શકાશે. આ એક્સરે સિસ્ટમ બિયરિંગ, ટાયર અને બ્રેક ડિસ્ક વધારે ગરમ થવાના મામલે પણ માહિતી મેળવી શકશે.



રેલવે મંત્રાલયની મોટી જવાબદારી સંભાળી લીધા બાદ ગૌડા હમેંશા કહેતા આવ્યા છે કે યાત્રીઓની સુરક્ષાને વધારવાને તેઓ પ્રાથમિકતા આપશે. ગૌડાએ આ દિશામાં તમામ પગલા લેવાની વાત કરી હતી.

ગૌડા સુરક્ષા પાસામાં સુધારા કરવા માટે કાકોદકર સમિતીની ભલામણોને લાગુ કરવા માટે હમેંશા ભાર મુકતા રહ્યા છે. માનવરહિત ક્રોસિંગને તબક્કાવાર રીતે દુર કરવાની તેની મુખ્ય ભલામણ છે. ગૌડાના પ્રથમ બજેટમાં આની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. દેશમાં આશરે ૧૨૦૦૦ માનવરિહત ક્રોસિંગ છે. જ્યાં સૌથી વધારે દુર્ઘટના થાય છે. આ સ્થળો પર રેલવે અકસ્માતો પૈકી ૪૦ ટકા અકસ્માત થાય છે.

## ક્યા મુદ્દાઓ છવાશે

સંસદના બજેટ સત્રની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. સત્ર દરમિયાન કેટલાક એવા મુદ્દા છે જે મોદી સરકારને મુશ્કેલીમાં મુકી શકે છે. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો આક્રમક મુડમાં છે. ક્યા મુદ્દા છવાશે જે નીચે મુજબ છે.

- રેલવે યાત્રી ભાડામાં તીવ્ર વધારો
- જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો
- તમિળનાડુના માછીમારોની દુર્દશા
- ઈરાકમાં અટવાયેલા ભારતીયોની સ્થિતિ
- દેશની આંતરિક સુરક્ષા
- રાષ્ટ્રીય મહત્વતાના મુદ્દા
- ફુગાવાને લઈને અર્થતંત્ર ઉપર દબાણ
- વ્યાજદરને લઈને પ્રવર્તી રહેલી સ્થિતિ
- વૈશ્વિક ઓઈલ કિંમતો

## અમરનાથ માટે શ્રદ્ધાળુની ૧૦મી ટુકડી રવાના કરાઇ

જમ્મુ,તા. ૬

અમરનાથ દર્શન માટે ૨૧૬૦ શ્રદ્ધાળુઓની નવી ટુકડી આજે જમ્મુ બેઝકેમ્પથી સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રવાના કરવામાં આવી હતી. આ બેંચમાં ૧૫૩૩ પુરુષો, ૪૩૩ મહિલાઓ, ૩૯ બાળકો અને ૧૪૫ સાધુઓનો સમાવેશ થાય છે. આજે વહેલી પરોઢે ૪.૧૦ વાગે જમ્મુમાં ભગવતીનગર બેઝ કેમ્પથી ૬૧ વાહનોમાં શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ અમરનાથ દર્શન માટે રવાના થયેલો આ કાફલો જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય માર્ગ ઉપર ઉધમપુર જિલ્લાને પાર કરી ચુક્યો છે. મોડી સાંજ સુધી આ કાફલો બલતાલ અને પહેલગામ બેઝ કેમ્પ સુધી પહોંચ્યો હતો. આજે રવાના થયેલા શ્રદ્ધાળુઓની સાથે જ જમ્મુથી અમરનાથ દર્શન માટે રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૧૬૭૫૨ સુધી પહોંચી ગઈ છે. શ્રદ્ધાળુઓનો ધસારો જોરદાર રીતે જોવા મળી રહ્યો છે. એક પછી એક કાફલાને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મંજુરી આપવામાં આવી રહી છે. રક્ષા બંધનના દિવસે અમરનાથ યાત્રા પરિપૂર્ણ થશે ત્યાં સુધી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શન કરી લે તેવી સંભાવના દેખાઈ રહી છે.

# ટેક્સ રાહતોની સામાન્ય બજેટમાં લોકોને અપેક્ષા

### અરૂણ જેટલીના ગુરૂવારના બજેટ ઉપર નજર : ટેક્સ સ્લેબમાં સુધારો કરવા અને વાર્ષિક કરવેરા મુક્તિ માર્યાદાને વધારવાનો પણ હેતુ

નવી દિલ્હી,તા. ૬

નાણાપ્રધાન અરૂણ જેટલી ગુરૂવારના દિવસે સામાન્ય બજેટ લોકોની અપેક્ષાઓ વચ્ચે રજૂ કરનાર છે. મધ્યમ વર્ગ અને અન્ય સમુદાયના લોકોને કેટલી રાહતો મળે છે તેના ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ટેક્સ રાહતો માટેની માંગને પહોંચી વળવા જેટલી નિષ્ણાતો સાથે વાતચીતમાં વ્યસ્ત છે. અરૂણ જેટલી ટેક્સ સ્લેબમાં વધારો કરી શકે છે. સાથે સાથે પગારદાર વર્ગને ખુબ જ જરૂરી એવી રાહત આપવાના હેતુસર વાર્ષિક આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરી શકે છે. ૨૦૧૪-૧૫ માટેનું બજેટ નવી ભાજપ સરકાર રજૂ કરનાર છે. મોંઘવારીથી પરેશાન સામાન્ય લોકો, વિકાસની ઘટતી ગતિ, મૂડીરોકાણની સ્થિતિ, ઉંચી નાણાંકીય ખાદ્ય, વિદેશી કટોકટી જેવા પરિબળો વચ્ચે આ બજેટ રજૂ કરવામાં આવનાર છે. મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા જેટલી ઉદ્યોગ માટે ટેક્સ રાહતો જાહેર કરે તેવી શક્યતા છે. સોનાની આયાત ઉપર ડ્યુટી ઘટાડવામાં આવે તેવી શક્યતા છે. ઓછા વરસાદની સ્થિતિમાં ખેડૂતોને મુશ્કેલીમાંથી



બહાર કાઢવા માટે પણ પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર બજેટમાં પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડની રચના કરવાની જાહેરાત કરી શકે છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં આ મુજબની વાત કરવામાં આવી હતી. વિદેશી મૂડીરોકાણ કારો માટે પણ કેટલાક નવા પગલાની જાહેરાત થઈ શકે છે. ધુમ્રપાન કરનાર લોકો ઉપર તવાઈ લાવવાના હેતુસર ઘણી જાહેરાતો થઈ શકે છે જેના ભાગરુપે સિગારેટ ઉપર એક્સાઈઝ ડ્યુટી અને તમાકુ પેદાશો ઉપર એક્સાઈઝ ડ્યુટીને વધારવામાં આવે તેવી શક્યતા છે. સરકાર વાર્ષિક ૧૦ કરોડથી વધુની કમાણી કરનાર લોકો ઉપર ઉંચા ટેક્સ લાગૂ કરી શકે છે. ભારતીય કંપનીઓ બજેટ પહેલાની વાતચીત દરમિયાન પોતાની યાદી સુપ્રત કરી શકે છે. બજેટમાં જેટલી ટેક્સ સુધારાની જાહેરાત પણ કરી શકે છે.

## મોરાદાબાદ હિંસા મામલે ભાજપ ધારાસભ્ય સંગીત સોમ વિરૂદ્ધ કેસ

### ભાજપના નેતાના નામનો એફઆઈઆરમાં ઉલ્લેખ : મોરાદાબાદમાં મહાપંચાયત પ્રતિબંધને ફગાવી દેવા બદલ ભાજપના નેતા મુશ્કેલીમાં છે

નવી દિલ્હી,તા. ૬

ભાજપના ધારાસભ્ય સંગીત સોમ સામે આજે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશના મોરાદાબાદમાં થોડાક દિવસ પહેલા જ ભડકી ઉઠેલી હિંસાના સંદર્ભમાં કાવતરા પાસામાં સંગીત સોમ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. ભાજપના કાર્યકરો અને પોલીસ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ભાજપના નેતાનું નામ એફઆઈઆરમાં આવ્યું હતું. મોરાદાબાદમાં મહાપંચાયત પ્રતિબંધને ફગાવી દેવા બદલ તેમની સામે એફઆઈઆર કરાઈ હતી. કાવતરાની સાથે સાથે અન્ય આરોપો પણ તેમની સામે મુકવામાં આવ્યા છે. સોમની મોરાદાબાદ નજીક શુક્રવારના દિવસે અટકાયત કરી લેવામાં આવી હતી. તેઓ પક્ષના સભ્યો સાથે મહાપંચાયતમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા. સોમ ઉપર મુઝફ્ફરનગર રમખાણોને ઉશ્કેરવાનો પણ આક્ષેપ મુકવામાં આવ્યો છે. પક્ષના અન્ય સભ્યોની સાથે સોમની ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી. મહાપંચાયત યોજવાની મંજુરી ઉત્તરપ્રદેશના વહીવટી તંત્ર દ્વારા ભાજપને આપવામાં આવી ન હતી.

# ઈરાકમાંથી વધુ ૨૦૦ ભારતીય પરત

### આગામી બે દિવસમાં ૬૦૦ ભારતીય પરત ફરશે : હિંસાગ્રસ્ત નજફમાંથી ભારતીય ઇરાક એરવેઝના વિમાન મારફતે પરત ફર્યા : ભાડાના વિમાનથી લોકો પરત ફર્યા

નવી દિલ્હી,તા. ૬

હિંસાગ્રસ્ત ઈરાકના નજફમાંથી વધુ ૨૦૦ ભારતીય લોકો આજે સવારે ઈરાક એરવેઝના ખાસ વિમાન મારફતે સ્વદેશ પરત ફર્યા હતા. ઈરાકમાંથી સ્વદેશ પરત ફરવાનો સિલસિલો જારી રહે તેવી શક્યતા છે. ભારતીય લોકોને લઈને આવેલુ વિમાન સવારે ૪.૩૦ વાગે ઉતરી ગયુ હતુ. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે આગામી બે દિવસમાં આશરે ૬૦૦ બીજા ભારતીય ઈરાકમાંથી પહોંચે તેવી શક્યતા છે. આગામી બે દિવસમાં એર ઈન્ડિયા સહિત અન્ય એરલાઈનોના ખાસ વિમાન દ્વારા ભારતીય લોકોને ઈરાકમાંથી લાવવામાં આવનાર છે. આજે વહેલી પરોઢે ભારતીય લોકોને લઈને પરત આવેલા વિમાનને ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા ભાડે લેવામાં આવ્યું છે. એર ઈન્ડિયાના ખાસ વિમાન દ્વારા ગઈકાલે ૪૬ ભારતીય નર્સ સ્વદેશ પરત ફરી હતી. આ તમામ નર્સને ઈરાકમાં ત્રાસવાદી સંગઠન આઈએસઆઈએસના ત્રાસવાદીઓ દ્વારા બાનમાં પકડી લેવામાં આવી હતી. જો કે મોડેથી મુક્ત કરાતા આ નર્સ પરત ફરી હતી.આ નર્સની સાથે ૧૩૭ અન્ય લોકો પણ પરત ફર્યા હતા. જે પૈકી ૭૦ લોકો ઈરાકના ઉત્તરીય શેહેર કિરકુકમાંથી પરત ફર્યા હતા. જ્યારે આ લોકોને લઈને વિમાન મુંબઈ થઈને ગઈકાલે કોચી પહોંચી ગયુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ઈરાકના ટિકરીકમાં બાનમાં પકડી લેવામાં આવેલી ૪૬ ભારતીય નર્સાને આઈએસઆઈએસના કટ્ટરપંથીઓ દ્વારા ગુરૂવારના દિવસે મુક્ત કરવામાં આવ્યા બાદ હવે ખાસ વિમાન દ્વારા તેમને મુંબઈ લાવવામાં આવતા મોટી રાહત થઈ હતી. ગુરૂવાર સાંજથી શુક્રવાર



સવાર સુધી ચાલેલા નાટકીય ઘટનાક્રમ બાદ નર્સાને છોડી મુકવામાં આવતા તેમને ભારત પરત લાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ખાસ વિમાન તેમના માટે મોકલી દેવામાં આવ્યું હતુ. એર ઈન્ડિયાના ખાસ વિમાન દ્વારા ૪૬ ભારતીય નર્સ અને અન્ય ૧૩૭ ભારતીય લોકોને ગઈકાલે સવારે મુંબઈ લવાતા મોટી રાહત થઈ હતી. તમામ ૪૬ નર્સ પરત ફરતા પરિવારમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. મુંબઈ પહોંચ્યા બાદ તેમને કોચીમાં લઈ જવામાં આવી હતી. સવારે ૧૧.૪૭ વાગે તમામ નર્સ કોચી પહોંચી હતી.

# ૨૪ વર્ષ બાદ આર્જેન્ટિના સેમીફાઈનલમાં

### આર્જેન્ટિનાની હવે નેધરલેન્ડની સામે જોરદાર ટક્કર થશે

રિયો ડી જિનેરિયો,તા. ૬

બ્રાઝિલિયા ખાતે રમાયેલી ક્વાર્ટર ફાઈનલ મેચમાં આર્જેન્ટિનાના સ્ટ્રાઈકર ગોંઝાલો હિગુએન દ્વારા કરવામાં આવેલા ગોલની મદદથી આર્જેન્ટિનાએ બેલ્જિયમ પર ૧-૦થી જીત



મેળવીને સેમીફાઈનલમાં આગેકુચ કરી હતી. આર્જેન્ટિનાની ટીમ ૨૪ વર્ષના લાંબા ગાળા બાદ સેમીફાઈનલમાં પહોંચી છે. આ વખતે તેના ખેલાડીઓ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે. છેલ્લા બે વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં હારીને બહાર થઈ ગઈ હતી. આ વખતે લિઓનેલ મેસ્સી અને અન્ય ખેલાડીઓના ફોર્મને જોતા ચાહકોને આશા દેખાઈ રહી છે. છેલ્લે વર્ષ ૧૯૯૦માં આર્જેન્ટિનાની ટીમ વર્લ્ડ કપના સેમીફાઈનલમાં પહોંચી હતી. ત્યારે ફાઈનલમાં ડિએગો મારાડોનાની ટીમ પશ્ચિમ જર્મની સામે ૧-૦થી હારી ગઈ હતી. વર્ષ ૨૦૦૬ અને ૨૦૧૦માં આર્જેન્ટિનાની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં જર્મનીની સામે હારીને બહાર થઈ હતી. મેસ્સી પ્રથમ વખત સેમીફાઈનલમાં વર્લ્ડ કપમાં રમી રહ્યો છે. ગ્રુપ મેચોંમાં સામાન્ય દેખાવ કર્યા બાદ આજે આઠમી મિનિટમાં જ હિગુએને ગોલ કરીને પોતાની ટીમને લીડ અપાવી હતી. શરૂઆતમાં થયેલા ગોલના કારણે આર્જેન્ટિનાના ખેલાડીઓનો નૈતિક જુસ્સો વધી ગયો હતો. આર્જેન્ટિનાની ટીમ ૧૩મી મિનિટમાં પણ ગોલ કરવાની નજીક પહોંચી હતી. પરંતુ બેલ્જિયમના ગોલકિપર ગોલ રોકી

લેવામાં સફળ રહ્યો હતો. મેસ્સી પર દબાણ ઓચુ દેખાઈ રહ્યું હતુ. ડિ મારિયા પણ શાનદાર ફોર્મમાં દેખાયો હતો. જો કે તેને ૩૩મી મિનિટમાં ઈજા થવાના કારમે બહાર જવાની ફરજ પડી હતી. હિગુએનને ૫૫મી મિનિટમાં ગોલ કરવાની ખુબ ાસારી તક મળી હતી. બેલ્જિયમ માટે હારનુ કારણ એ રહ્યું કે તેના સ્ટાર સ્ટ્રાઈકર ઈડેન હેજાર્ડ ખરાબ ફોર્મમાં રહ્યો હતો.

## ખેડુતો માટે ટુંક સમયમાં જ નવી ચેનલ

### કૃષિ અને અન્ય સંબંધિત મુદ્દા પર માહિતી મળશે : ખેડુત સમુદાયને હવામાનની આગાહી, બિયા અને અન્ય તમામ ઉપયોગી માહિતી મળશે : પાકની માહિતી અપાશે

નવી દિલ્હી,તા. ૬

નરેન્દ્ર મોદી સરકાર ટુંક સમયમાં જ ખેડુત સમુદાય માટે એક નવી ખાસ ચેનલ શરૂ કરશે. આ ચેનલ ખેડુતોને કૃષિ અને અન્ય સંબંધિત મુદ્દા પર માહિતી આપશે. ટુંક સમયમાં જ ૨૪ કલાકની ચેનલને શરૂ કરી દેવામાં આવશે. આ ચેનલ મારફતે ખેડુતને હવામાનની આગાહી, બિયારણ અને અન્ય તેમને લગતા તમામ મુદ્દા પર માહિતી આપવામાં આવશે. ચેનલનુ નામ ડીડી કિસાન રહેશે. સરકાર અને પ્રસાર ભારતી આ ચેનલને વહેલી તકે શરૂ કરવા માટેની યોજનાને અંતિમ ઓપ આપવા પર કામ કરી રહ્યા છે. માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. કૃષિ આધિરત આ ચેનલ ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે ડીડી કિસાન નામથી ચેનલ શરૂ કરવાની પ્રક્રિયા

ચાલી રહી છે. ભાજપે લોકસભાની ચૂંટણી પહેલા ાજાહેરાત કરી હતી કે જો તેમની સરકાર બનશે તો ક્ષેત્રીય ખેડુતો માટે ટીવી ચેનલ શરૂ કરાશે. કોઈ એક કૃષિ ચેનલ જુદા જુદા રાજ્યોમાં જુદી જુદી ભાષા હોવાના કારણે ઉપયોગી રહેશે કે કેમ તેમાં ચકાસણી કરવામાં આવી રહી હતી. પરંતુ હવે એવી હિલચાલ છે કે એક એવી ચેનલ શરૂ કરાશે જેમાં ૧૧ ક્ષેત્રીય ભાષાના કાર્યક્રમનો દર્શાવવાની વ્યવસ્થા રહેશે.

## ચેતનાનો સમય (પાના નં.૪ પરનું)

બારમી કહેવત છે કે -

‘ઘણા બધાની વિનવણી ધાતુને પણ પિગળાવે છે.’

અર્થાત લોખંડ જેવા કઠ્ઠણ માણસને પીગલાવવો અઘરો છે છતાં પણ આવા લોખંડ જેવા કઠણ માણસને પ્રેમ અને લાગણીથી એક કરતાં વધારે લોકો એકઠાં મળીને પીગળાવી શકે છે.

તેમની કહેવત છે કે -

‘‘માનવીનો શ્રેષ્ઠ મદદગાર ખુદ પોતે’’

પારકી આશ સદા નિરાસ એ ન્યાયે બીજા ઉપર આધાર રાખી જિંદગી જીવી શકાતી નથી. પોતાની જાતને માનવીએ બુલંદ બનાવવાની છે. ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર કે પહેલાં ખુદા બંદે સે પૂછે બોલ તેરી રજા કયા હૈ’ અર્થાત્ માણસે પોતાની જાતને એવી મજબૂત, તાકાતવાન, શ્રદ્ધાવાન બનાવવી જોઈએ કે એવા માણસની તકરીદ લખતાં પહેલાં ખુદ ખૂદા તેને પુછશે બોલ તારી તકદીરમાં શું લખું? માનવી પોતે જ પોતાનો મિત્ર બનીને મદદગાર બનીને આત્મબલથી શ્રદ્ધાપૂર્વક જીંદગી જીવવાની છે.